# 4. ફૂલની સાથે રમત

**નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા**
**જન્મ : ૧૮૫૯ મૃત્યુ : ૧૯૩૭**



સુધારક, વિદ્યાપ્રીતિ અને સુધારકવૃત્તિ ધરાવતા કુટુંબમાં જન્મ. ઈ.સ.૧૮૮૧માં મુંબઈ યુનિ.માં સંસ્કૃત વિષય સાથે પ્રથમ વર્ગમાં પ્રથમ નંબરે પાસ થઈ પ્રતિષ્ઠિત ભાઉ દાજી ઈનામ મળ્યું. તરત ખેડામાં આસિસ્ટન્ટ કલેકટર તરીકે નિમાયા. નિવૃત્તિ પછી એલ્ફિન્સ્ટન કોલેજમાં ગુજરાતીના પહેલા માનદ્ પ્રાધ્યાપક થઈ ત્યાં સોળ વરસ કામ કર્યું. ગુજરાતીના પ્રોફેસરોની પહેલી પેઢી તેમણે તૈયાર કરી.

ઊર્મિ, કલ્પના, ચિંતન અને ભાષાના સંયોજનની કલાદષ્ટિએ તેઓ અર્વાચીન ગુજરાતી કવિતાના પ્રથમ નોંધપાત્ર કવિ ગણાયા છે. 'કુસુમમાળા', 'હૃદયવીણા', 'નૂપુરઝંકાર', 'બુદ્ધચરિત' અને 'સ્મરણસંહિતા' તેમનાં કાવ્યપુસ્તકો છે.

કવિ ઉપરાંત તેઓ મોટા ભાષાશાસ્ત્રી, નિબંધકાર, વિવેચક અને સ્મૃતિચિત્રોના લેખક હતા.

ગુજરાતમાં (અને ઘણે અંશે રાજસ્થાનમાં પણ) માથે માટલું કે બેડું (મોટા ઘડા ઉપર નાનો ઘડો) રાખી કૂવા, તળાવ કે નદીએથી પાણી લાવવાનો રિવાજ હતો. આ રિવાજનો સ્ત્રીનૃત્યોમાં ઘણો ઉપયોગ થાય છે. તેનાથી શરીર સુડોળ અને ચાલવાનું સુંદર બને છે.

માથે માટલું કે બેડું રાખી નૃત્ય કરવું એ ઉત્તમ કસરત પણ છે. સ્ત્રી-પુરુષો રાત્રે સમય કાઢી શકે. તેથી રાત્રે સમૂહમાં નૃત્ય કરતી વખતે માથે માટલું રાખી ગોળ ગોળ ફરી અથવા જુદી જુદી રીતે ફરી લોકો આનંદ મેળવતા. પછી માટલામાં કાણાં પાડી એમાં દીવો મૂકી તેને માથે રાખી નૃત્ય કરતા કાણાંવાળા માટલામાં દીવો હોય તેને સંસ્કૃતમાં ગર્ભદીપ કહેતા. (અંદર દીવો) તેના ઉપરથી 'ગરબો' શબ્દ આવ્યો. તેની સાથે સ્ત્રીઓ જે ગીત ગાતી તે પણ ગુજરાતમાં 'ગરબા' તરીકે ઓળખાય છે.

એ જ રીતે માથા પર કાણાંવાળા માટલામાં દીવો રાખી પુરુષો રાત્રે સમૂહનૃત્ય કરે તેને 'ગરબી' કહેવાનું શરૂ થયું. એ લોકો 'ગરબી' નૃત્યુ વખતે જે ગીત ગાય તે 'ગરબી' કહેવાય. આમ પુરુષો દ્વારા 'ગરબી' નૃત્ય કરતી વખતે જે ગીત ગવાય તે ગરબી ગણાય. તેમાં તાલ હોય, સૂર હોય, સંગીત હોય.

ગુજરાતીમાં ભક્તકવિ દયારામ 'ગરબી'ની રચના કરવા માટે જાણીતા છે.

સામાન્ય રીતે પુરુષો ગરબી ગાય છે જેમ સ્ત્રીઓ ગરબા. ગરબીમાં હૃદયના ભાવ કોમળતાથી રજૂ થાય છે. એ ત્રણસો ચારસો વર્ષથી ગુજરાતમાં ગવાય છે.

આ ગરબીમાં સંસારનાં સ્ત્રી-પુરુષોનાં વર્તનથી દુઃખી થયેલા કવિ ફૂલડાંઓને પોતાની સાતે ગરબી ગાવા આમંત્રણ આપે છે. સંસારમાં સ્વાર્થી સ્ત્રી-પુરુષોમાં નિર્દોષતા ક્યાંથી હોય ? તેથી નિર્દોષ, સુગંધ ફેલાવતાં ફૂલો સાથે એક દિવસ સાથે ગાળવાની વાત કવિ આ ગરબીમાં કરે છે.

---

આવો ફૂલડાં મધુરાં રે આપણ રંગે રમિયે,
દિન એક આનન્દે રે ભેળાં રહી નિર્ગમિયે. ૧
મ્હને મુખડું ત્હમારું રે સલૂણું લાગે વ્હાલું,
એમાં નિર્મળ પ્રીતિ રે વસી હસતી કાલું. ૨

તમમાંનું હું પણ રે કુસુમ એક કોમળિયું,
રહી મનુજસમૂહે રે વદન કરમાઈ ગયું. ૩
ન્હાસી ત્યહાં થકી આજે રે આવ્યો તમ પાસ હું તો,
ત્હમે કોમળ હઈડે રે; મ્હને નવ ગણશો જાુદો. ૪
નહીં તમમાં કુટિલતા રે, નહીં વળી ક્રૂરપણું,
નહીં વચન કપટનાં રે, હૃદય પ્રેમાળ ઘણું. ૫
કદી હાસ કરતાં રે તો નિશ્ચે આનન્દભર્યાં,
કરમાઈ કદી સૂતાં રે તો સત્યે દુઃખે જ ગળ્યાં; ૬
જેવું અંતર થાએ રે તેવું તમ મુખડું દીસે,
જેવું મુખ દેખાએ રે તેવું તમ હૃદય વિશે. ૭
ત્યારે આવો મધુરાં રે આપણ રંગે રમિયે,
દિન એક તો સુખમાં રે સાથે વસી નિર્ગમિયે. ૮

● **"શીખ સાસૂજી દે છે રે કે વહૂજી રૂહો ઢંગે." — એ ચાલ**

## ટિપ્પણ

**મધુરાં** - મીઠાં; વ્હાલાં **ભેળાં** - સાથે **નિર્ગમિયે** - ગાળીએ, ગુજારીએ **સલૂણું** - સુંદર **નિર્મળ** - શુદ્ધ, પવિત્ર **પ્રીતિ** - પ્રેમ **કાલું** - નાનું બાળક બોલે તેવું, બાલિશ, કુસુમ-ફૂલ **કોમળ** - પોચું, સુંવાળું **મનુજ** - માણસ **વદન** - ચહેરો **ન્હાસી** - નાસી **હઈડે** - હૈયે **કુટિલતા** - કપટીપણું, કપટ, જેના પર વિશ્વાસ મૂકી ન શકાય તેવું વર્તન **ક્રૂરપણું** - નિર્દયપણું, દયા વગરનું, **નિશ્ચે** - ચિંતા વગર **દીસે** - શોભે, લાગે **વિશે** - માં **વસી** - રહી

## રૂઢિપ્રયોગ

**વદન કરમાઈ જવું** - ઉદાસ થઈ જવું

**સત્યે દુઃખે જ ગળવું** - સાચે જ દુઃખથી કરમાવું, વિલાઈ જવું.

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. કવિ કોની સાથે રમવા ઈચ્છે છે ?
2. ફૂલનું મુખડું કવિને કેવું લાગે છે ?
3. ફૂલ શા માટે કરમાઈ ગયું હતું ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. બીજું ફૂલ કેવી વિનંતી કરે છે ?
2. ફૂલોની વિશેષતા રજૂ કરતા કવિ શું કહે છે ?
3. ફૂલના મન-હૃદય વચ્ચે કેવું ઐક્ય જોવા મળે છે ?

**પ્રશ્ન 3. કાવ્યપંક્તિનો ભાવાર્થ સમજાવો.**

'નહિ તમમાં કુટલિતા રે, નહિં વળી ક્રૂરપણું,
નહિ વચન કપટનાં રે, હૃદય પ્રેમાળ ઘણું'

**પ્રશ્ન 4. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

1. કવિએ ફૂલોને કરેલી વિનંતીનું વર્ણન કરો.
2. ફૂલની સુંદરતાને જોઈને તમને અનુભવાતી લાગણીનું વર્ણન કરો.
3. તમને ફૂલ બનવાનું ગમે ? શા માટે ? કાવ્યનો આધાર લઈ વિચારો રજૂ કરો.

**પ્રશ્ન 5. સમાનાર્થી શબ્દ લખો.**

મુખડું, મનુજ, દુઃખ, પ્રીતિ

**પ્રશ્ન 6. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

મધુર, કોમળ, સત્ય, પાસે

**આટલું કરો.**

1. કવિને બદલે તમે ફૂલોને વિનંતી કરતા હો એમ પત્ર લખો.
2. ફૂલની સુંદરતાનું વર્ણન કરતો નિબંધ લખી શિક્ષકને બતાવો.
3. જુદાં-જુદાં ફૂલોની તસવીરનો ચાર્ટ તૈયાર કરી વર્ગમાં લટકાવો.

•